# પ્રાંતિજ સહિત વિસ્તારોમાં નવરાત્રીનો રંગ જામ્યો

## યંત્ર યુગમાં પણ શેરી ગરબાનું મહત્વ વધ્યુ : અવનવી સ્ટાઈલમાં ગરબા રસિકો ગરબે ઘૂમતા નજરે પડ્યા





પ્રાંતિજ તા.૧૧
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જગત જનની માં જગદંબા નું આરાધના પર્વ નવરાત્રી શ્રધ્ધા- ઉમંગભેર ઉજવાઈ રહી છે ત્યારે ચોથા નોરતે પ્રાંતિજ માં પણ વિવિધ વિસ્તારોમાં ગરબે ઘુમતા ખેલૈયાઓ ગરબે ઘુમતા નજરે પડયા હતા.

જગત- જનની માં અંબા- જગંદબા ના નવ સ્વરૂપ ના આરાધના પર્વ નવલા નૌરતા ની ગરબાઓની રમઝટ વચ્ચે ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઈ રહી છે. ત્યારે પ્રાંતિજ માં નવરાત્રી નો રંગ જામ્યો છે તો કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ, વિશ્વકર્મા યુવક મંડળ, માતુછાયા સોસાયટી, બંબાવાસ, સ્વામિનારાયણ સોસાયટી, ગોપીનાથ સોસાયટી, સોનીવાડા નાકા સહિતના વિસ્તારોમાં યંત્ર યુગમાં પણ વર્ષોથી ચાલી આવતાં શેરી ગરબા નુ મહત્વ જાણે ડીઝે અને ગાયક કલાકારો વચ્ચે પણ અકબંધ છે અને વધારો થયો તેમ નગરજનો બહાર પાર્ટી પ્લોટોમાં જવાને બદલે શેરીઓમાં અને સોસાયટીઓમાં ગરબા ગાવાનું વધારે પસંદ કરેછે અને નાના બાળકો થી લઈને વયોવૃદ્ધ પણ નવરાત્રીના નવ દિવસ ગરબે ઘુમતા નજરે પડે છે ત્યારે પ્રાચીન ગરબા સાથે ખેલૈયા ઓ તાલ મળેળવી ને પાવન નવરાત્રી પર્વની ઉજવણી થઈ રહીછે ત્યારે આ વર્ષે કોરોના ના ભય વચ્ચે પ્રથમ નોરતે થી નવરાત્રી નો રંગ જામ્યો છે ત્યારે ખેલૈયાઓ મન મુકી ને ગરબા ચોકમાં ગરબે ઘૂમી માની આરાધનામાં જોડાયાં છે.

# મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ કારોબારી સભા યોજાઈ

મોડાસા તા.૧૧
મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની તાલુકા કારોબારીની સભા મોડાસા પ્રાથમિક શાળા નંબર ૪માં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ એસ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલ તથા અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખઓ, મંત્રીઓ, ઉપપ્રમુખ ઓ અને સહમંત્રી ઓ હાજર રહ્યા સદર કારોબારી સભામાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ મહામંત્રી આશિષભાઈ પટેલ સહમંત્રી રશ્મિનભાઈ કલાસવા, નાણાં મંત્રી વરુણ ભાઈ પટેલ અરવલ્લી જિલ્લા કલ્યાણ નિધિ પ્રમુખ પંકજભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહિલા મોરચા ના અધ્યક્ષ ભાવનાબેન લોન્ચા તેમજ મોડાસા તાલુકાના મોડાસા બીટ ૧ના કેળવણી નિરીક્ષક ભરતભાઈ પંચાલ, એચ ટાટ આચાર્યઓ, જૂથ મંત્રીઓ તેમજ મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ ના કમલેશભાઈ પરમાર ,અરવલ્લી જીલ્લા ઉત્કર્ષ મંડળના જયંતીભાઈ પાઠક અને ગુ. રા.પ્રા. શિ.ઉત્કર્ષ મંડળ ના ઉપ પ્રમુખ જીતુભાઈ પંડ્યા પણ હાજર રહ્યા સભાની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી. કોરોના મા અવસાન થયેલ પ્રાથમિક શિક્ષકો માટે મૌન પાડવામાં આવ્યું. શિક્ષકો નાં વણઉકલ્યા પ્રશ્નોને જૂની પેન્શન યોજના ચાલુ કરવી,એકમ કસોટી બાબતે તેમજ વધ થી અન્ય તાલુકા મ ગયેલ શિક્ષકો ને માતૃ તાલુકો અને માતૃ શાળા નો લાભ આપવો તેમજ ધોરણ ૧થી ૫ મા ૩ શિક્ષકો નું મહેકમ કરવા માટે રજૂઆત કરવામાં આવી.અને ખૂબ જ સુંદર રીતે સભાનું આયોજન કરવામાં આવ્યું મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પરેશભાઈ પટેલ, મંત્રી ભાવેશભાઈ પટેલ ,સહમંત્રી પ્રકાશભાઈ વણકર અને ઉપ પ્રમુખ રાહુલ વ્યાસ તેમજ મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક પરીવાર પ્રમુખ હસમુખભાઈ પ્રણામી મંત્રી મહેશભાઈ દરજી અન્ય હોદ્દેદારોએ તમામ મહેમાનો નું ફૂલછડી થી સ્વાગત કર્યું.



સંગઠન ને મજબૂત બનાવવા માટેની ખૂબ જ સુંદર ચર્ચાઓ કરવામાં આવી. છેલ્લે સમગ્ર સભાની આભાર વિધિ મંત્રી ભાવેશભાઈ પટેલે કરી અને સૌ મહેમાનો,કારોબારી સભ્યો ભોજન લઈ છૂટા પડ્યા.

# અરવલ્લીમાં ઈસરો સાયન્સ એકઝીબીશનનો બે હજારથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો




મોડાસા, તા. ૧૧
ભારત વિકાસ પરિષદ મોડાસા તેમજ જીલ્લા પ્રાથમીક શીક્ષણાધીકારી કચેરી દ્વારા અરવલ્લી જીલ્લામાં વિવિધ સ્કૂલોમાં ૫ દિવસ ઈસરો સાયન્સ એક્ઝિબિશન યોજાયું હતું આ એકઝીબીશનમાં ઈસરોના ખ્યાતનામ વૈજ્ઞાનિકો અને તેમની ટીમ ઉપસ્થીત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ખગોળીય અવકાશ અને સ્પેસ એપ્લીકેશન સેન્ટર અંગે માહીતગાર કરવામાં આવ્યા હતા જેમાં ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ એકઝીબીશન નિહાળ્યું હતું ૫ દિવસીય પ્રોગામનું સમાપન સૂર્યા એકલવ્યમાં કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં યોજાયલ ઈસરોના ૫ દિવસના કાર્યક્રમ માં સ્પેસ એપ્લિકેશન સેંટર ઈસરોના ડેપ્યુટી ડાયરેક્ટર લેવલના સાઈન્સ્ટિસ્ટ તેમની ટીમે એકઝીબીશન સેન્ટરની મુલાકાત લેનાર ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓને ભારે ઉત્સાહ પૂર્વક ઈસરો અને સ્પેસ સાયન્સ વિષે ઉંડાણપૂર્વક સમજાવ્યું હતું આ એકઝીબીશનની મુલાકાત જીલ્લા પોલીસવડા સંજય ખરાત, જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી સ્મીતાબેન પટેલ અને વિવિધ સ્કૂલના ટ્રસ્ટીઓ અને શિક્ષકો ઉપસ્થીત રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડૉ.નાગેન્દ્રસિંહ બિહોલા,મંત્રી રાજેન્દ્ર પટેલ, પ્રચાર મંત્રી ઉત્તમ પટેલ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# મેઘરજના રેલ્યો- ભુવાલ ખાતે ડામર રોડનું ખાતમુહૂર્ત કરાતા ખુશાલી

મેઘરજ તા. ૧૧
આઝાદીના વર્ષો પછી રેલ્યો ભુવાલ રસ્તાનું ખાત મુહુર્ત કરાતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો.મેઘરજ ભાજપના આગેવાનો દ્વારા અંતરિયાળ વિસ્તારમાં રસ્તાની સુવિધા માટે સરકારમાં રજૂઆત કરી હતી જેને લઈ રસ્તો મંજુર કરાતા ગ્રામજનોએ ભારતીય જનતા પાર્ટી, અરવલ્લી સંગઠન અને મેઘરજ તાલુકા સંગઠન અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ના મહામંત્રી ભીખાજી ઠાકોર, મેઘરજ ભાજપ સંગઠન પ્રમુખ ભૂપતસિંહ ચૌહાણ, મેઘરજ સંગઠન મહામંત્રી મહેશભાઈ ઉપાધ્યાય, જતીનભાઈ પંડ્યા, ગામના સરપંચ તેમજ ગ્રામજનો ઉપસ્થીત રહી નવીન રસ્તાનું ખાતમુહૂર્ત કર્યું હતું.



### આંજણા પાટીદાર સમાજ

# બાયડનાં પ્રા. શિક્ષિકા નિકીતા પટેલનું ઈન્ટરનેશનલ શિક્ષક પુરસ્કારથી સન્માન

## ગાંધીનગરમાં ભારતમાતા મંદિરમાં સન્માનિત કરાયા



બાયડ, તા. ૧૧
સમાજને શિક્ષકોની ભેટ આપનાર સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં અનેક પ્રા. શિક્ષકો ઉમદા કામગીરીથી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી રહ્યા છે. બાયડના પ્રા. શિક્ષિકા,વડોદરા જિલ્લાની સીમ જોષીપુરા ડબકા પ્રા. શાળામાં ફરજ બજાવતા નિકીતા રમણભાઈ પટેલ દ્વારા બાળકોના શૈક્ષણિક વિકાસમાં તાલુકા - જિલ્લા - રાજય સ્તરે આપેલા અમૂલ્ય યોગદાનની નોંધ લઈ મહારાષ્ટ્રના રક્ષક પ્રતિષ્ઠાન દ્વારા ઈન્ટરનેશનલ શિક્ષક પુરસ્કાર-૨૦૨૧ આપી સન્માનિત કરાતાં આંજણા પાટીદાર સમાજ - બાયડ શહેર અને શિક્ષક આલમમાં ખુશાલી છવાઈ છે.

બાયડ ગામના ખેડૂત પુત્ર રમણભાઈ પૂજાભાઈ પટેલના બે સંતાન, નિકીતા પટેલ અને ધવલ પટેલ, બંને સંતાનો શરુઆતથી અભ્યાસમાં હોંશિયાર પરંતુ શિક્ષક બનવાની તમન્ના.... દીકરા-દીકરીની ઈચ્છા મુજબ બંને પ્રા. શિક્ષક બનવા માટે પીસીટી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. નિકીતા પટેલની શિક્ષક તરીકે પસંદગી થઈ. હાલ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાની સરકારી પ્રા. શાળામાં ફરજ બજાવે છે. બાળપણથી જ શિક્ષક બનવાની તમન્ના અને શિક્ષિકા તરીકે નોકરી મળતાં માત્રને માત્ર બાળકોને સારા શિક્ષણની સતત ચિંતા કરી જેના કારણે સ્થાનિક - તાલુકા - જિલ્લા સ્તરે શિક્ષક તરીકેની ઉમદા કામગીરીની નોંધ લેવામાં આવી. રાજય કક્ષાએ પણ બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની કામગીરીની નોંધ લઈ તા. ૧૦ ઓકટોબરના રોજ રાજયના પાટનગર ગાંધીનગરના ભારતમાતા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રક્ષક પ્રતિષ્ઠાન દ્વારા ડૉ. ગુલાબચંદ પટેલના હસ્તે ઈન્ટરનેશનલ શિક્ષક પુરસ્કાર-૨૦૨૧ના ગૌરવંવંતા એવોર્ડથી સન્માનિત કરાયા. સમગ્ર દેશમાં ઈનોવેટિવ શિક્ષકોને સન્માનિત કરતી સંસ્થા દ્વારા બાયડના વતની પ્રા. શિક્ષકનું સન્માન થતાં બાયડ પણ ગૌરવ લઈ રહ્યું છે. કાર્યક્રમમાં બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્રના અતિથિ, નાયબ નિયામક એમ. કે. રાવના હસ્તે બહુમાન થયાં જેમાં ગુજરાતમાંથી ૩૬ પ્રાથમિક શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.




### ઉચ્ચ કક્ષા સુધી ભ્રષ્ટાચારની ગંગોત્રી

# સાબરકાંઠા સ્ટેટ સિંચાઈ વિભાગમાં તપાસ શરૂ થાય એટલે પંચાયત સિંચાઈ વિભાગમાં બદલીની ફેશન

## તપાસ થાય તો કરોડોનું કૌભાંડ પોત પ્રકાશે

હિંમતનગર, તા. ૧૧
સાબરકાંઠા સ્ટેટ સિંચાઈ વિભાગમાં તપાસ શરૂ થાય એટલે પંચાયત સિંચાઈ વિભાગમાં બદલીની ફૅશન થઈ શરૂ છે. ૪ વર્ષ અગાઉ સ્ટેટ સિંચાઈ વિભાગના અધિકારી સામે તપાસ શરૂ થઈ શું સજા થઈ....!! સી.આર. રિપોર્ટ શું થયા તે બહાર આવ્યું નથી. પરંતુ તેમની સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગમાં થયેલી બદલી ગાંધીનગર સચિવાલય સુધી ટોક ઓફ ધી ટાઉન બની છે. તપાસ થાય તો કરોડોનું કૌભાંડ પોત પ્રકાશી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા સ્ટેટ સિંચાઈ વિભાગમાં ચાલતી વ્હાલાદવાલાની નીતિ જગજાહેર થઈ છે. અધિક્ષક સામે ઉચ્ચ કક્ષા સુધી ફરિયાદ થઈ છે પરંતુ બહાર આવેલી વિગતો અનુસાર અગાઉ જિલ્લાની સ્ટેટ સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા અધિકારી વિરુદ્ધ થયેલી ભ્રષ્ટાચારની ફરિયાદ પછી મંથર ગતિએ ૪ વર્ષથી તપાસ ચાલતી હતી અને અધિકારીને ઊણી આંચ ન આવે તે માટે સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ શાખામાં બદલી કરી મામલો સમેટાયો છે. જેની સામે ગંભીર આક્ષેપની તપાસ હોય તો અધિકારી જિલ્લામાં અન્ય વિભાગમાં નિયુક્તિથી તપાસને અસર થવાની સંભાવના હોવા છતાં કેમ જિલ્લામાં પોસ્ટીંગ કરાયું. અન્ય દૂરના જિલ્લામાં કેમ બદલી ન થઈ તે બાબત ચર્ચામાં છે. નવા મંત્રીમંડળમાં હવે વિભાગના મંત્રી દ્વારા આ સમગ્ર પ્રકરણની તપાસ કરાય તો સ્ટેટ સિંચાઈ વિભાગમાં ચાલતા અનહદ ભ્રષ્ટાચારનો ખેલ પ્રકાશમાં આવી શકે છે.

### જળ સ્ત્રોત ઊંચા ન આવ્યા, ભ્રષ્ટ અધિકારીઓ ઊંચા આવ્યા

હિંમતનગર : જિલ્લા સ્ટેટ સિંચાઈ વિભાગના ભ્રષ્ટાચારની ગુંજ ગાંધીનગર સુધી પહોંચી છે. સાબરકાંઠા સ્ટેટ સિંચાઈને સરકાર દ્વારા જળશંચયના કામ માટે દર વર્ષે કરોડોની ગ્રાન્ટો અપાય છે. પરંતુ તેમાં ભાગબટાઈથી બધું સેટ થઈ જાય છે. જિલ્લામાં જળસ્ત્રોત તો ઊંચા ન આવ્યા પણ ભ્રષ્ટ અધિકારીઓ ઊંચા આવી ગયા તે બાબત જગજાહેર છે.

# લલિતાબા સોની બી.એડ્. કૉલેજમાં કાનૂની શિબિર યોજાઈ

મોડાસા, તા. ૧૧
અરવલ્લી જિલ્લાના મોડાસાની માતૃશ્રી લલિતાબા સોની બી.એડ્. કૉલેજમાં ૧૧મી ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ જિલ્લા કાનૂની સેવા સમિતિ દ્વારા તાલીમાર્થીઓને સુરક્ષા પ્રદાન કરતા કાનૂનથી માહિતગાર કરવાના આશ્રયથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એ.એ. શેખ - પેનલ એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના પ્રવચનમાં ભાઈઓ અને બહેનોને નવીન કાનૂનની જાણકારી આપી હતી. બળાતક જેવા કેસમાં શું કરવું જોઈએ. કઈ તકેદારી રાખવી જોઈએ, બળાત્કાર તેમજ પોકસો કેસ કયારે બને અને કાનૂનનો દૂરપયોગ ન થાય, જેવી બાબતોથી તાલીમાર્થીઓને અવગત કર્યા હતા. ઉપરાંત માધવીબેન વી પટેલ, કર્ણાવતી એ ઠાકોર અને રાધાબેને (પી.એલ.વી.) પણ બહેનોને કાયદાકીય રીતે કેવી રીતે રક્ષણ મેળવી શકાય, બહેનો માટે કેવા ગુના માટે કાનૂન છે અને કેટલી સજા થઈ શકે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે કોલેજનો સમગ્ર સ્ટાફ ઉસ્થિત રહ્યો હતો. પ્રાચ ચંદ્રિકાબેન દરજીએ આભારવિધિ કરી હતી. સંસ્થાના પ્રમુખ અને મંક્ષી જિતેન્દ્રકુમાર સોનીએ કાર્યક્રમને બિરદાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

# જન્મદિને વધામણી



મગનભાઈ જેશીંગભાઈ પટેલ
આકરૂન્દ તા.ધનસુરા



જીગ્નેશ બારોટ
બાયડ



હેમલ સંજયભાઇ પટેલ
અમદાવાદ



સુધાબેન હરેશકુમાર જોષી
નિવૃત્ત આચાર્ય, ચોઇલા શાળા નં.૨
એફ,૨૭ વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ



સૌર્ય સચિનભાઈ જયસ્વાલ
એફ,૨૮ વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ(રડોદરા)


ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન


# પ્રાંતિજના વડવાસા પાટીયા પરથી ઈંડાની લારી ઉપરથી ચોરી

## બે સગડા એક ગેસની બોટલ સહિત ચાર પ્લેટ ઈંડાની ચોરી: લારી માલિક દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરી

પ્રાંતિજ તા.૧૧
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા પાટીયા પાસે ઉભી રહેતી ઈંડાની લારીના રાત્રી દરમ્યાન તાળા તોડી અજાણ્યા ચોર ઈસમો દ્વારા બે સગડા, એક ગેસની બોટલ, ચાર પ્લેટ ઈંડા ની ચોરી થતા લારી માલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ ના વડવાસા પાટીયા નેશનલ હાઈવે આઠ ઉપર સર્વિસ રોડ ઉપર છેલ્લા એક વર્ષ થી રોડ ની સાઈડમાં ચાલતી ઈંડાની લારી ઉપર થી રાત્રી ના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા લારીમા બનાવેલ કબાટ નુ તાળુ તોડી કબાટમાં રહેલ બે સગડા, એક ગેસની બોટલ, અને ચાર પ્લેટ ઈંડા મળી કુલ ૧૦ હજાર થી વધુ નો સર સામાનની ચોરી કરી પલાયન થતા લારી માલિક અકબર હુસેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ જાણવા જોગ પોલીસ ફરિયાદ કરી.